# ગબ્બર સિંઘ, કિશોરકુમારથી શ્રીદેવીનો ચાનો સબડકો!

## સંગત સિતારોં કી

★ સંજય છેલ



અદ્ભુત અભિનેતા, ગીતકાર, સંગીતકાર ને જિનિયસ કિશોર કુમારે 'ગાયક' તરીકે ખૂબ સંઘર્ષ કરેલો. 1969માં રાજેશ ખન્નાની 'આરાધના' ફિલ્મ આવી ત્યાં સુધી એમને દેવ આનંદની ફિલ્મોમાં એકાદ ગીત ગાવા મળતું અને જેમાં પોતે હીરો હોય એમાં રમૂજી ગીતો ગાતા પછી એવો કપરો સમય આવ્યો કે કિશોરદા હીરો હોય એમાં પણ રફી કે મન્ના ડે એમના માટે ગીત ગાય એવી શરત નિર્માતાઓ મૂકતા! પણ પછી જ્યારે કિશોરદા ગાયક તરીકે સુપરહિટ થઈ ગયા ત્યારે રેકોર્ડિંગમાં માઈક પરથી સેક્રેટરીને સૌથી પહેલા પૂછતા, 'ચાય મેં શક્કર હૈ?' સેક્રેટરી 'હા' પાડે પછી જ ગાવાનું શરૂ કરતા. આ 'ચાય મેં શક્કર' એટલે કે 'નિર્માતાએ પૂરા પૈસા આપ્યા કે નહીં?'–એ સવાલનો કોડવર્ડ! એકવાર તો કિશોરદાએ હદ કરી નાખી. સેક્રેટરીને 'ચાય મેં શક્કર' વિશે પૂછ્યું ત્યારે પેલાએ યાદ અપાવ્યું: 'દાદા, ઈસ ફિલ્મ કે આપ હી પ્રોડ્યૂસર હો! આજ તો પૈસે કા પૂછના છોડો!' ચોટ ખાધેલા કિશોરદા માટે 'ચાય મેં શક્કર' સવાલ દ્વારા એક કમર્શિયલ દુનિયાને લપડાક હતી! અહીં ચા, ઉકળતા આક્રોશનો અંશ છે! તો 'ચા' એક એવું લાડકું પીણું છે કે સામાન્ય માણસોથી માંડીને લેખકો, કલાકારો, સપનાં જોતાં યુવાનો માટે ગરમાગરમ કે મોત માટે વેઈટ કરતાં વૃદ્ધો માટે સાઈલેન્ટ અમૃત છે તો હો જાયે સિનેમા અને ચુસ્કીભર ચાય પર ચિંતન!

તમે માનશો કે અભિનેતા શશી કપૂરે પોતાની ખૂન-પસીનાની મહેનતથી બચાવેલા પૈસાથી મુંબઈના જુહુ વિસ્તારમાં નાટ્યજગતના તીર્થસમાન પૃથ્વી થિયેટર પર ફિલ્મ 'શોલે'ના ડાકુ ગબ્બર સિંહે હુમલો કરેલો ને એ પણ માત્ર એક ચા માટે? થયું એવું કે 1980ના દાયકામાં ગબ્બર ઉર્ફે અદ્ભુત અભિનેતા અમજદ ખાન પૃથ્વી થિયેટરમાં 'છૂન છૂન કરતી આઈ ચિડિયા' નાટક ભજવતા હતા. હોલીવૂડની ક્લાસિક ફિલ્મ 'વન ફ્લુ ઓવર કુકૂઝ નેસ્ટ' નામની ફિલ્મનું હિન્દી રૂપાંતર હતું ને જેમાં એ જ ફિલ્મ માટે ઓસ્કાર એવોર્ડ જીતેલ જેક નિકોલ્સનનો રોલ અમજદ ખાન ભજવતા હતા. મેં નાનપણમાં જોયેલ અમજદજીના એ અભિનય જેવી અદાકારી આજ સુધી રંગમંચ પર ભાગ્યે જ કોઈની જોઈ છે.

પણ ત્યારે પૃથ્વી થિયેટરમાં માત્ર કોફી, ખાસ તો આઈરિશ કોફી મળતી, સામાન્ય ચા નહોતી મળતી. 'આઈરિશ કોફી' એ ભણેલાં-ગણેલાં, હાઈ-ક્લાસ કે એલિટ ટેસ્ટવાળા લોકો માટે સ્ટેટસ સિમ્બોલ હતી, પણ ફિલ્મોમાં શરાબી-નવાબી-વિલન એવા અમજદ પોતે લાઈફમાં માત્ર ચા જ પીતા ને સતત પીતા. તો એમણે પૃથ્વી થિયેટરમાં ચા બનાવવાનો હુકમ કર્યો. પણ પૃથ્વી થિયેટરના મેનેજમેન્ટે એમ કહ્યું: 'સોરી, અમે દૂધ મંગાવતા જ નથી તો ચા નહીં મળે!' પછી જિદ્દી અમજદે પૃથ્વીના કંપાઉન્ડમાં એક સાચુકલી ભેંસ લાવીને બાંધી અને દૂધ દોહીને ત્યાં જ ચા બનાવવાની શરૂ કરીને સત્યાગ્રહ કરેલો! ભેંસને લીધે ત્યાં ઘાસ, છાણ વગેરેની મગજમારી શરૂ થઈ, માટે અમજદજીના મિત્ર શશી કપૂરે આખરે હાર માની ને ચા બનાવવા દીધી.

**ભેંસને લીધે ત્યાં ઘાસ, છાણ વગેરેની મગજમારી શરૂ થઈ, માટે અમજદજીના મિત્ર શશી કપૂરે આખરે હાર માની ને ચા બનાવવા દીધી**

વેલ, આજે તો હવે પૃથ્વી થિયેટરની કેન્ટીન આઈરિશ કોફી કરતાં 'સુલેમાની ચાઈ' માટે વધુ પ્રખ્યાત છે. 150-200થી વધુ ફિલ્મોમાં નાનપણથી કામ કરનાર અભિનેત્રી શ્રીદેવીએ પહેલીવાર નિર્માતા તરીકે એક ફિલ્મ બનાવવાની શરૂ કરેલી ને પહેલે જ દિવસે બંધ કરી દીધેલી, જેની પાછળનું કારણ પણ 'ચા' જ છે! ફિલ્મ લાઈનમાં સવારથી રાત સુધી આખા યુનિટ માટે અવિરત ચા પીરસવામાં આવતી હોય છે. પહેલા જ દિવસે શ્રીદેવીની માતાએ સેટ પર એક સાથે સો જેટલા ગ્લાસમાં 'ચા' પીરસાતી જોઈ ત્યારે એમને ચક્કર આવી ગયા ને પૂછ્યું, 'હાય હાય! આટલી બધી ચા?' એમણે દિવસભર 'ચા'ની ગણતરી કરી અને પછી થયું કે ફિલ્મનું બજેટ 'ચા' પીવડાવવામાં જ ખતમ થઈ જશે ને પ્રોડ્યુસરના પૈસે મફતમાં મજા લેનારી એ શ્રીદેવીની માતાજીએ એ જ દિવસે ફિલ્મ બંધ કરી દીધી! નવાઈ એ લાગે છે કે બાળપણથી ફિલ્મોમાં કામ કરનાર શ્રીદેવી સાથે જનારી માતાએ આ પહેલા ફિલ્મ સેટ પર સતત વહેતી 'ચા'ની માત્રાને નહીં જોઈ હોય? અમારી ફિલ્મના સેટ પર સ્પોટ-બોય અને લાઈટ-મેન માટે બનાવાતી ચાને 'જનતા ચા' કહેવાય છે, જે ખૂબ કડક અને મસ્ત હોય છે. સ્ટુડિયોના સેટની ઉપર, સાવ છત સુધી ઉપર લટકાવવામાં આવતી લાઈટો પાસે ઊભેલા લાઈટમેનને 'ચા' ઉપર પહોંચાડવા માટે રસ્સીથી કિટલી બાંધીને ત્યાં ઊંચે પહોંચાડવામાં આવે છે. સંજય દત્ત, જેકી શ્રોફ કે સલમાન જેવા 'ડાઉન ટુ અર્થ' હીરો લોકો પહેલાં એ કિટલીમાંથી થોડી ચા પીને પછી ઉપર મોકલે ને પેલો સામાન્ય મજૂર કે લાઈટમેન ઉપરથી બીડીનું પેકેટ ફેંકે એવી સમાનતા કે ભાઈચારો સર્જનાર એકમાત્ર પ્રવાહી છે: ચુસ્કીભર ચા! ચા, ભારતમાં ભલે અંગ્રેજો લાવ્યાં, પણ હવે ભારતની નસનસમાં ભળી ગઈ છે. ચાને કારણે અમને પણ લાઈફમાં નુકસાન થયું છે. ના, અમે ચાના બંધાણી નથી, પણ 'રંગીલા'ને 'દૌડ' જેવી ફિલ્મો પછી અમને ચાની કંપનીએ સારા એવા પૈસા આપીને એક એડ ફિલ્મ લખવા આપેલી, પણ એ જાહેરાતના નિર્દેશક હતા રામગોપાલ વર્મા, જે પોતે કદીયે ચા નથી પીતા! પછી રામુજીએ એ એડ-ફિલ્મની મીટિંગ દરમિયાન મજાક મજાકમાં ચાની કંપનીના માલિકને કહી દીધું: 'મને તો ચા બિલકુલ નથી ગમતી, હું તો માત્ર કોફી પીઉં છું! બાકી એડ-ફિલ્મ એક કામ તરીકે બનાવીશ.' અને આ સાંભળીને નારાજ થયેલા ચા કંપનીના માલિકે આખો પ્રોજેક્ટ જ પડતો મૂક્યો ને અમે સ્ક્રિપ્ટ લખવામાં જે મહેનત કરેલી એ સાવ પાણીમાં ગઈ! ગરીબો, મજૂરો ને શોષિતો માટે સુંદર કળાત્મક ફિલ્મો બનાવનાર શ્યામ બેનેગલ પણ 'ચા'ને કારણે બદનામ થઈ ચૂક્યા છે. એક પત્રકાર ઈન્ટરવ્યુ લેવા બેનેગલની ઓફિસે ગયા ત્યારે 10-12 વર્ષનો એક છોકરો અડધા ગ્લાસમાં 'કટિંગ' ચા આપી ગયો. બીજે દિવસે પત્રકારે છાપામાં હેડલાઈન બનાવી, 'શ્યામ બેનેગલની ઓફિસમાં બાળમજૂરી ચાલે છે!' પછી તો બેનેગલ પર ખૂબ માછલાં ધોવાયાં ને શ્યામબાબુએ ચોખવટ આપવી પડેલી કે એમણે બહાર રેકડી પરથી ચા મંગાવેલી, એમની ઓફિસમાં એ છોકરો કામ નથી કરતો! (લેખકો-પત્રકારો પર ભરોસો ના કરવો એવું-અમસ્તાં જ નથી કહેવાતું! ચાય કસમ!)

**બાય ધ વે,**

ફિલ્મોમાં જુનિયર કલાકારો, જે પાછળ ભીડમાં ઊભા હોય એમને વરસો સુધી ચા-નાસ્તો, જમવાનું મળતું નહીં, પણ અમજદ ખાને ત્યારના સ્ટાર્સ અમિતાભ, રાજેશ ખન્ના, જીતેન્દ્ર, ધર્મેન્દ્ર, મિથુન વગેરેને એક ફોન પર આગ્રહ કે આદેશ કરીને બોલીવૂડમાં હડતાલ પડાવેલી અને જુનિયર કલાકારોને એમના ચા-નાસ્તા-જમણના હક મળતા શરૂ થયેલા. મતલબ કે પડદા પર રીલ-લાઈફમાં વિલન દેખાતો માણસ રિયલ લાઈફમાં ગરીબો માટે હીરો હોઈ શકે છે!

# ટેક્નોલોજીકલ સ્વદેશી આંદોલન: અંકલ સેમ સામે એક જ ઉપાય

## લાઈફ-ઓન

★ ફાલ્ગુની આશર

વૈશ્વિક IT અને ટેક્નોલોજી સેક્ટરમાંથી જે આંકડા બહાર આવી રહ્યા છે તે માત્ર આંકડા નથી, પણ લાખો એન્જિનિયરો અને યુવાનોના જીવતરનો હાહાકાર છે. વર્ષ ૨૦૨૬ના માત્ર ૯ મહિનામાં વિશ્વભરની ટેક કંપનીઓએ ૧,૭૬,૦૦૦ (૧.૭૬ લાખ) કરતાં પણ વધુ કર્મચારીઓને કામ પરથી હાંકી કાઢ્યા છે. આ છટણી પાછળ કંપનીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો સ્વીકાર અને 'કોસ્ટ કટિંગ' (ખર્ચ ઘટાડા)નું બહાનું ધરી રહી છે. પરંતુ, આ સમગ્ર ખેલની પાછળ જે મોટો ખેલાડી છે અને જેની દગાબાજી સામે આવી રહી છે, તે છે અમેરિકા! પોતાને વિશ્વનો 'મોટો ચૌધરી' ગણાવતું અમેરિકા ભારત સાથે દોસ્તીના ગમે તેટલા દીવાડા કરે, પણ વ્યાપાર અને તકનીકના મુદ્દે એ હંમેશાં ભારતની પીઠ પાછળ છૂરો ભોંકવાની જૂની ટેવ છોડી શક્યું નથી. ભારતની ટેલેન્ટનો લોહી-પસીનો નીચોવીને પોતાના સિલિકોન વેલીના બંગલા ઊભા કરનારા આ અમેરિકી કોર્પોરેટ્સ હવે ભારત જેવા દેશોના દાસત્વનો અંત લાવવા માટે AI અને છટણીનું નવું હથિયાર ચલાવી રહ્યા છે. જેમ વાડીમાં રોજેરોજ નીંદણ કાઢીએ તેમ આજે અમેરિકી અને વૈશ્વિક કંપનીઓ પોતાના કર્મચારીઓને બહારનો રસ્તો બતાવી રહી છે. ૯ મહિનામાં ૧.૭૬ લાખથી વધુ લોકોને પાણીચું પકડાવી દેવાયું છે. મનફાવે તેમ 'લે-ઓફ' કરીને માણસોને રઝળતા કરી મૂક્યા છે.



કંપનીઓ દાવો કરે છે કે AI આવ્યા પછી હવે કોડિંગ, ડેટા એનાલિટિક્સ અને કસ્ટમર સપોર્ટ જેવા કામો માટે માણસોની જરૂર નથી રહી, પરંતુ આ બધી વાત ધુમાડો છે. અસલિયત એ છે કે વોલ સ્ટ્રીટના સટ્ટોડિયાઓને ખુશ કરવા અને પોતાના શેરના ભાવ વધારવા માટે આ બહુરાષ્ટ્રીય કંપનીઓ કર્મચારીઓના પેટ પર પાટું મારી રહી છે. ભારતીય IT વ્યાવસાયિકો, જેમણે દિવસ-રાત જોયા વગર અમેરિકી પ્રોજેક્ટ પૂરા કર્યા, તેમને જ આજે સૌથી પહેલાં કાઢી મૂકવામાં આવી રહ્યા છે.

અમેરિકાની નીતિ હંમેશાંથી સ્વાર્થી રહી છે. જ્યારે તેમને સસ્તા મજૂરો અને ટેલેન્ટેડ એન્જિનિયરોની જરૂર હતી, ત્યારે તેમણે ભારતમાંથી H-1B વિઝાના નામે હજારો યુવાનોને બોલાવ્યા, તેમનું શોષણ કર્યું અને પોતાના ટેક્નોલોજીના સામ્રાજ્ય ઊભા કર્યા. અને આજે જ્યારે એ જ અર્થતંત્રમાં મંદીના વાદળો ઘેરાયા છે, ત્યારે ભારતીય પ્રોફેશનલ્સને કોઈ પણ સહાનુભૂતિ વગર બહાર ફેંકી રહ્યા છે. અમેરિકા ભારતને પોતાનો 'સ્ટ્રેટેજિક પાર્ટનર' (વ્યૂહાત્મક ભાગીદાર) કહે છે, પરંતુ વ્યાપારી અને તકનીકી ક્ષેત્રે એ ભારતને ક્યારેય પગભર થવા દેવા માગતું નથી.

એક બાજુ AI ટેક્નોલોજી પર પોતાનો ઈજારો રાખવા માટે નવી નવી નીતિઓ ઘડે છે. બીજી બાજુ ભારતના IT સેક્ટરને મોટો ફટકો પડે તે માટે પોતાના દેશમાં 'આઉટસોર્સિંગ' વિરોધી વાતાવરણ ઊભું કરે છે. અમેરિકાની આ નીતિ સદંતર કપટી છે, આગળથી ભેટીને પાછળથી પીઠમાં છરી ભોંકવા જેવો આ ઘાટ છે. આપણે અમેરિકાના ભરોસે હવે ક્યારેય બેસી શકાશે નહીં. જો ભારત પોતાની ટેક્નોલોજી અને પોતાના યુવાનોનું ભવિષ્ય સુરક્ષિત કરવા માગતું હોય, તો આપણે આપણો પોતાનો 'દાવ' અજમાવવો પડશે. ભારતે અમેરિકા કે પશ્ચિમના દેશો માટે માત્ર 'બેક-ઓફિસ' કે સર્વિસ પ્રોવાઈડર બનીને રહેવાના દિવસો હવે પૂરા કરવા પડશે. આપણે આપણી પોતાની IT પ્રોડક્ટ્સ અને સોફ્ટવેર બનાવવાની જરૂર છે. ભારતનું પોતાનું AI મોડલ અને પોતાના પ્લેટફોર્મ હોવા જોઈએ, જેથી પરદેશી કંપનીઓના એક ઓર્ડર રદ થવાથી આપણી રોજીરોટી પર અસર ન પડે.

સરકારે અને સ્થાનિક કંપનીઓએ ભેગા મળીને જે કર્મચારીઓની છટણી થઈ છે તેમને રઝળતા મૂકવાને બદલે નવી ટેક્નોલોજી (જેવી કે AI, સાયબર સિક્યુરિટી અને ક્વોન્ટમ કમ્પ્યુટિંગ)માં 'રિસ્કિલ' (સજ્જ) કરવા પડશે. આપણું મન અને આપણી મૂડી બંને દેશમાં જ સચવાવા જોઈએ.

**આપણો દેશ સ્પેસ ટેક્નોલોજીમાં ISRO દ્વારા વિશ્વને આશ્ચર્યચકિત કરી શકતો હોય, જો આપણે UPI બનાવીને આખા વિશ્વમાં ડિજિટલ પેમેન્ટનો ડંકો વગાડી શકતા હોઈએ, તો પછી આપણે IT અને AI ક્ષેત્રે પણ અમેરિકાની ગુલામી શા માટે સહન કરવી જોઈએ?**

અમેરિકા અને યુરોપની દગાબાજી સામે ભારતે એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકા જેવા દેશો સાથે પોતાના ટેક્નોલોજીકલ કરારો મજબૂત કરવા જોઈએ. આ દેશોને ભારતની ટેક્નોલોજીની જરૂર છે અને ત્યાં મોટું બજાર ઉપલબ્ધ છે.

અમેરિકી બહુરાષ્ટ્રીય કંપનીઓના ભરોસે આપણી આખી પેઢીની કારકિર્દી દાવ પર લગાવી દેવી એ હવે આત્મઘાતી સાબિત થઈ રહ્યું છે. દાયકાઓથી ભારતના પ્રતિભાશાળી યુવાનોએ અમેરિકા અને યુરોપની કંપનીઓ માટે કોડિંગ કર્યું, તેમના સર્વર સાચવ્યા અને તેમના વ્યાપારને અબજો ડૉલરની ઊંચાઈ પર પહોંચાડ્યો. બદલામાં ભારતને શું મળ્યું? જ્યારે પણ પશ્ચિમના દેશોમાં મંદીનો ફટકો પડે કે વોલ સ્ટ્રીટ પર શેરબજાર ગગડે, ત્યારે સૌથી પહેલાં ભારતીય એન્જિનિયરોને જ નોકરીમાંથી રસ્તો બતાવી દેવામાં આવે છે. આ પરિસ્થિતિ બદલવાનો એક જ રસ્તો છે. 'ટેક્નોલોજીકલ સ્વદેશી આંદોલન'. જે રીતે આઝાદીની લડાઈમાં આપણે વિદેશી કાપડની હોળી સળગાવીને કાપડ મિલિંગમાં સ્વનિર્ભર બન્યા હતા, તે જ રીતે હવે સોફ્ટવેર અને AI ક્ષેત્રે પણ આપણે વિદેશી નિર્ભરતા તોડવી પડશે. ભારતનો ડેટા એ ભારતની સંપત્તિ છે. વિદેશી કંપનીઓ આપણા નાગરિકોના ડેટાનો ઉપયોગ કરીને AI મોડલ તૈયાર કરે છે અને પછી એ જ AIનો ઉપયોગ કરીને આપણા દેશના યુવાનોની નોકરીઓ છીનવી લે છે. સરકારે ભારતમાં જ મોટા ડેટા સેન્ટરો અને સુપરકમ્પ્યુટિંગ ગ્રિડ ઊભી કરવી પડશે. પશ્ચિમના AI મોડલ્સ મુખ્યત્વે અંગ્રેજી અને પશ્ચિમી સંસ્કૃતિ પર આધારિત છે. ભારતમાં ૨૨ સત્તાવાર ભાષાઓ અને સેંકડો બોલીઓ છે. જો આપણે આપણી સ્થાનિક ભાષાઓમાં કામ કરી શકે તેવા AI મોડલ્સ વિકસાવીએ, તો દેશના ગ્રામીણ અને અર્ધશહેરી વિસ્તારોમાં રોજગારીની નવી લાખો તકો ઊભી થઈ શકે તેમ છે. ટેક્નોલોજી ક્ષેત્રે થતી ૧.૭૬ લાખથી વધુ છટણી એ માત્ર IT કંપનીઓ પૂરતી સીમિત નથી. તેની બહુવિધ અસર આખા ભારતીય અર્થતંત્ર પર પડી રહી છે. બેંગલુરુ, હૈદરાબાદ, પુણે, ગુડગાંવ અને અમદાવાદ જેવા શહેરોમાં IT પ્રોફેશનલ્સ મધ્યમ વર્ગના અર્થતંત્રની મુખ્ય ધરી છે.

જ્યારે એક IT એન્જિનિયરની નોકરી જાય છે, ત્યારે માત્ર એક હોદ્દો ખાલી નથી થતો, પરંતુ હોમ લોનના હપ્તા અટકી પડે છે, જેનાથી બેન્કિંગ સેક્ટર અને રિયલ એસ્ટેટ માર્કેટમાં મંદીનો માહોલ સર્જાય છે. રેસ્ટોરન્ટ્સ, કેબ સર્વિસ, રિટેલ મોલ્સ અને મનોરંજન ક્ષેત્રની આવક ઘટે છે, કારણ કે લોકો બિનજરૂરી ખર્ચ બંધ કરી દે છે. આ સ્થિતિ બતાવે છે કે આપણું સર્વિસ સેક્ટર કેટલું નાજુક પાયા પર ઊભું છે. આપણે વિદેશી ઓર્ડરો પર નભતી 'ગિગ ઈકોનોમી' કે 'સર્વિસ મોડેલ'માંથી બહાર નીકળીને મજબૂત ઉત્પાદન અને સ્થાનિક વપરાશ આધારિત અર્થતંત્ર તરફ વળવું જ પડશે.

આખી દુનિયા જાણે છે કે અમેરિકા પોતાના આર્થિક હિતો માટે ગમે તે હદે જઈ શકે છે. જ્યારે તેમને ભારતની જરૂર હોય ત્યારે તેઓ 'બંને દેશો કુદરતી ભાગીદાર છે' તેવા રૂપાળાં ભાષણો આપે છે, પણ જ્યારે પોતાના દેશમાં રાજકીય રોટલા શેકવાના હોય કે કંપનીઓના નફા વધારવાના હોય, ત્યારે ભારત જેવા દેશોના યુવાનોના ભવિષ્યનો બલિ ચડાવતા સહેજ પણ અચકાતા નથી.

# ટેટુ : એક આક્રમક ઓળખ

## આંખની અટારી

★ હેમુ ભીખુ



ટેટુ એટલે છૂંદણું. વિશ્વની લગભગ પ્રત્યેક પ્રાચીન સંસ્કૃતિમાં છૂંદણું પડાવવાની પ્રથા હતી. આ છૂંદણાં સાથે આધુનિકતાનું વિરોધી કહી શકાય તેવું પછાતપણું અને 'આઉટડેટેડ'માનસિકતા સાંકળવામાં આવતી. હવે ટેટુ આધુનિકતા અથવા ક્યારેક તો અતિ-આધુનિકતા વ્યક્ત કરવાનું માધ્યમ ગણાય છે. તમે ક્રિકેટ રમતા હોવ કે તમારો ડીજેનો વ્યવસાય હોય, તમે ડબલ્યુ.ડબલ્યુ.એફ પ્રકારની ફાઈટ કરતાં હોવ કે રસ્તા પરનાં મવાલી હોવ, ટેટુ જાણે અતિ આવશ્યક બની રહે છે. કદાચ આ ટ્રેન્ડ ડબલ્યુ.ડબલ્યુ.એફથી શરૂ થયો હશે એમ માનવા મન પ્રેરાય છે. તેની પાછળનો તર્ક એક જ હોઈ શકે કે ટેટુ મારફતે ચોક્કસ પ્રકારની સશક્તતા દર્શાવવામાં સરળતા રહે. હવે તો એમ લાગે છે કે અમુક વ્યવસાયિક સંલગ્નતા તેમજ માનસિકતા દર્શાવવા માટે ટેટુ આવશ્યક બની રહ્યું છે.

એક રીતે જોવા જઈએ તો ટેટુ એ એક સામાન્ય ઘટના નથી. તેની પાછળ વ્યક્તિગત અભિવ્યક્તિ, સામાજિક ઓળખ, જે તે વ્યક્તિ સમૂહ સાથેનું ભાવનાત્મક જોડાણ, ચોક્કસ વિચારધારાને આધારિત માનસિકતા તથા પ્રવાહ સાથે તણાવવાની ઈચ્છા હોઈ શકે, ક્યારેક તો એમ લાગે છે કે ટેટુ એ વ્યક્તિગત બાબત કરતાં, ખુશીથી સ્વીકારાયેલા, ચોક્કસ પ્રકારનાં "સામાજિક દબાણ"નું પરિણામ છે.

આમ તો ટેટુ એ શારીરિક શણગાર સમાન છે, પરંતુ આ શણગારની વ્યાખ્યામાં સામાજિક સ્વીકૃતિ કરતાં વ્યક્તિગત ઘેલછા વધુ મહત્વની જણાય છે. જો તેને શણગાર ગણવામાં આવે તો, મોટાભાગના કિસ્સામાં, શણગારની વ્યાખ્યા જ ફરીથી નિર્ધારિત કરવી પડે. છતાં પણ એકવાર તેને જો શણગાર માની લેવામાં આવે તો પણ તેમાં શણગાર કરતાં અભિવ્યક્તિનું મહત્વ વધારે રહેતું હોય તેમ જણાય છે. જેને શણગારવામાં આવે છે તેનાં કરતાં જેનાથી શણગારવામાં આવે છે તેનું મહત્વ વધી જાય ત્યારે તે ચોક્કસ પ્રકારનો "દેખાડો"બની રહે છે. જ્યારે ચામડી કરતાં ટેટુનું મહત્વ વધુ હોય ત્યારે ટેટુ દેખાડવા શરીર બિનજરૂરી માત્રામાં ઉઘાડું કરવું પણ પડે. હવે જ્યારે લગભગ આખા શરીરને ટેટુની ચિતરામણ થાય છે ત્યારે આ એક ગંભીર સામાજિક પ્રશ્ન બની રહે. ટેટુ કરવાં પાછળ મુખ્ય કારણમાં પોતાનાં શરીરની દ્રશ્ય રજૂઆતમાં ખાસ પ્રકારની અલગતા માટેની ઈચ્છા હોય તેમ જણાય છે. એ સિવાય, ટેટુ કરાવનાર વ્યક્તિ એમ માનતી હોય છે કે તેનાથી આત્મવિશ્વાસ વધી શકે, ચોક્કસ પ્રકારની ઓળખ સ્થાપિત થઈ શકે, માનસિક પ્રક્રિયા વધુ સ્પષ્ટ રીતે દર્શાવી શકાય, ત્વચાની કેટલીક ત્રુટીઓ છુપાવી શકાય, ચોક્કસ સામાજિક વ્યક્તિઓ વચ્ચે સરળતાથી પ્રવેશ મળે, અને આ બધાંને કારણે એક પ્રકારની ખુશી સંતોષ મળે.

ટેટુની ડિઝાઈનની પસંદગી પણ એક રસપ્રદ સંશોધનનો વિષય છે. કેવાં પ્રકારની માનસિકતા વાળી વ્યક્તિ કેવાં પ્રકારની ડિઝાઈન પસંદ કરે છે તે જાણવું રસપ્રદ બની રહે. ચોક્કસ પ્રકારની વ્યક્તિગત આસ્થાની રજૂઆત, પ્રવર્તમાન સામાજિક વિચારસરણી તથા તેનો જે તે માત્રાનો પ્રભાવ, વિદ્રોહી આધુનિકતા દર્શાવવા તત્પર સમુદાય સાથેનું સમીકરણ, કેટલીક પરંપરાગત કે ભૂતકાળની યાદો સાથેનું લાગણી પૂર્વકનું જોડાણ, કોઈ પ્રિય વ્યક્તિ કે પ્રસંગ કે સ્થાનને કાયમ સ્મરણમાં રાખવાની ઈચ્છા, જુદા જુદા પ્રતીકો દ્વારા સંભવિત બનતી શ્રદ્ધાની અભિવ્યક્તિ, કળાત્મકતા માટેની સંવેદનશીલતા, તથા માત્ર ચોક્કસ પ્રકારે પોતાનાં વ્યક્તિત્વની રજૂઆત આધારે ટેટુની ડિઝાઈનની પસંદગી થતી હોય છે.

**ક્યારેક તો એમ લાગે છે કે ટેટુ એ વ્યક્તિગત બાબત કરતાં, ખુશીથી સ્વીકારાયેલા, ચોક્કસ પ્રકારનાં "સામાજિક દબાણ"નું પરિણામ છે**

ટેટુની કેટલીક નકારાત્મક અસર પણ હોય તે સ્વાભાવિક છે. શારીરિક સ્તરે ક્યાંક ત્વચા સંબંધિત સમસ્યાઓ થઈ શકે. તબીબી વિજ્ઞાન એમ પણ કહે છે કે ટેટુથી ત્વચાને દીર્ઘકાલીન નુકસાન પણ થઈ શકે, અને અમુક બ્લડ ગ્રુપ વાળા લોકોને અન્ય બીમારીની સંભાવના પણ રહે. આ બધા સાથે ટેટુ કરતી વખતે, અને તે દૂર કરતી વખતે, પીડાદાયક પરિસ્થિતિ સર્જાય. કેટલાક વ્યવસાયમાં તો ટેટુ વાળી વ્યક્તિને પ્રવેશ જ નથી અપાતો. ટેટુ અમુક સમાજમાં સ્વીકૃતિ અપાવે તેમ અન્ય વિચારસરણી વાળા સમાજમાં અસ્વિકૃતિ મળવાની સંભાવના પણ વધી જાય. ઘણીવાર પ્રશ્ન થાય છે કે જે કહેવાતી 'સેલિબ્રિટી'દર ચાર પાંચ કલાકે કપડાં બદલતી હોય તે આખી જિંદગી એક જ ટેટુનો સ્વીકાર કઈ રીતે કરી શકે. જ્યાં વ્યક્તિની પસંદગી જિંદગીના પ્રત્યેક તબક્કે બદલાતી રહેતી હોય, જ્યાં સામાજિક વિચારધારા સતત બદલાતી હોય ત્યાં એક જ પ્રકારનાં ટેટુ લાંબા સમય માટે સ્વીકૃત ન બની શકે. એટલાં માટે જ હવે ટેમ્પરરી ટેટુની વ્યવસ્થા આવી હશે. નવરાત્રી વખતે એક ટેટુ અને 'રોઝ ડે'માટે બીજું.

ટેટુ એક ફેશન છે. સામાજિક સ્તરે એ સ્થાપિત થયેલું સત્ય છે કે ફેશન બદલાયા કરે. ફેશનના સ્વરૂપોની સ્વીકૃતિ કાયમી નથી હોતી. ફેશનને કારણે પસંદ કરેલો પોશાક અમુક સમય પછી આમ પણ જર્જરિત થઈ જતાં તે ઉપયોગી ન રહે, તેનો ત્યાગ સરળ બને. તેની અપેક્ષાએ ફેશન તરીકે જો ટેટુ કરવામાં આવે તો તે કાયમી "વળગણ"બની રહે. પછી તો ન આમ જવાય કે ન તેમ જવાય. કોઈક એવો દાવો કરી શકે કે ટેટુ મિટાવી શકાય છે, પરંતુ તેમાં પણ ચામડી પર છાપ કે અસર રહી જાય છે. ફેશન ક્યારેય બંધન ન બનવી જોઈએ. મજાની વાત એ છે કે જ્યારે ટેટુ નામના ફેશનની સ્વીકૃતિ થાય ત્યારે એ સ્વીકૃતિ માટેની ભાવના એટલી પ્રબળ હોય કે તેની ભવિષ્યની સંભવિત અસ્વીકૃતિ માટે વિચાર જ ન આવે.

ટેટુએ માનસિક ખેંચાણનું પરિણામ છે. મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ જોતા એમ જણાય છે કે ટેટુ એક ઘેલછા છે, તાત્કાલિક ચોક્કસ પ્રકારની સ્વીકૃતિ મળે તે માટેનો પ્રયત્ન છે, ગંભીરતા વિના લેવામાં આવેલો નિર્ણય છે, એક પ્રકારના ઉભરાનું પરિણામ છે, જેની સાથે કેટલીક અતાર્કિક બાબતો વ્યવસ્થિત રીતે સંકળાયેલી છે. પરંપરાગત છૂંદણામાં ન્યૂનતમતા રહેલી હોવાથી તે વખતે આ પ્રશ્નો ન હતાં. હવે તો ટેટુ એટલાં જટિલ, એટલાં વિસ્તૃત તથા એટલાં "આક્રમક"બને છે કે તેની તેને લાંબા સમય સુધી વ્યક્તિ "પચાવી"ન શકે.